# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• **E-mail:** gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 24-03-2022

સરદાર વલ્લભભાઈ પટેલે હંમેશા પછાત, વંચિત, છેવાડાના અને જરુરીઆતમંદ પરિવારની ચિંતા કરવામા એમનુ જીવન પસાર થયુ છે. અંગ્રેજ શાસનમા તેમના હક્ક અને અધિકાર જ્યારે છિનવાતા હતા ત્યારે તેમના માટે તે લડયા હતા, પરંતુ આજે ગુજરાતમા દુખ અને દુર્ભાગ્યની વાત એ છે કે ગુજરાતની ભાજપા સરકારે કરોડો રુપિયાના ખર્ચે સરદાર સાહેબના વિચાર,સ્વભાવ અને મિજાજ વિરુદ્ધ તેમની પ્રતિમાનુ નિર્માણ કર્યુ,. અને એના કરતા કરુણતાની ચરમસીમા તો એ છે કે સરદાર સાહેબની પ્રતિમાના સનિધ્યમા જ રાજ્ય સરકાર દ્વારા ફરજ બજાવતા કર્મચારીઓનુ આર્થિક અને માનસિક શોષણ કરવામા આવી રહ્યુ છે.

રાજયમા મોટા ભાગે ખાનગી એજન્સીઓ દ્વારા કર્મચારીઓની ભરતી કરે છે, તેમા સરકાર પુરા પગાર ચુકવે અને કર્મચારીઓનુ આર્થિક શોષણ થઈ રહ્યુ છે, ભાજપા સરકારની રાજયના વહીવટી તંત્રને ખોખલુ કરી નાખવનુ ષડયંત્ર છે અને તેમા આ ભાજપા સરકાર સફળ થઈ છે અને જનતાને અધોગતિ ભાગે આવી છે, જો કે આ સમાચાર હવે નવા નથી,એમા એક સમાચાર ઉમેરાયા છે, સરદાર સરોવર નર્મદા કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા યાત્રિકોને માર્ગદર્શન પુરુ પાડવા માટે માર્ગદર્શકો (ગાઈડ) તરીકે નિષ્ઠાથી ફરજ બજાવતા કર્મચારીઓનુ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા આર્થિક,શારિરીક અને માનસિક શોષણ અને પરેશાની કરવામા આવી રહ્યુ છે તેવી રજુઆત ત્યા ફરજ બજાવતા માર્ગદર્શકો (ગાઈડ) દ્વારા છેલ્લા બે વર્ષથી કરવામા આવી રહી છે,પરંતુ રાજ્ય સરકાર આ દિશામા સંવેદન છે.

ત્રણ વર્ષથી માર્ગદર્શક (ગાઈડ) તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ, પગાર વધારો, મેડીકલ ભથ્થુ, ટ્રાંસ્પોર્ટેશન ભથ્થુ,મહિનાના એક પરચુરણ રજા જેવી કોઇ આર્થિક રાહત કે તેને સામાન્ય પીડા ઉપર સરકારશ્રી તરફથી કોઇ રાહત આપવામા આવતી નથી.

રાજ્ય સરકારને લેખીતમા રજુઆત કરતા ફરજ બજાવતા માર્ગદર્શકોએ જણાવ્યુ છે કે અમોને શરત મુજબ ૮ કલાકની નોકરીનો સમય નક્કી કરવામા આવ્યો છે અને અમારી પાસે ૧૩-૧૪ કલાક કામ લેવામા આવે છે. અને વધારાના સમયનો પગાર પણ અમોને આપવામા આવતો નથી. છેલ્લા ત્રણ વર્ષથી રાજ્ય સરકાર દ્વારા સીધુ જ અમોને આ આર્થિક શોષણ કરવામા આવી રહ્યુ છે.

સરદાર સાહેબના સાનિધ્યમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફરજ બજાવતા હિન્દી / ગુજરાતીના માર્ગદર્શકને (ગાઈડ) ૧૫૦૦૦/- રુપિયા ફિક્સ વેતન જ્યારે અંગ્રેજી ભાષાના માર્ગદર્શકને ૨૫૦૦૦/- રુપિયા ચુકવાય છે. આમ અહિયા રાજ્ય સરકારના ચાવવાના અને દેખાડવાના જુદા દેખાયા.....એક બાજુ રાજ્ય સરકાર વહીવટી બાબતોમા ગુજરાતી ભાષાનુ ગૌરવ લેવાનુ જનતાની સામે ડહાપણ મુકે છે અને બીજી બાજુ રાજ્ય સરકાર ગુજરાતી ભાષાને ઓછી આકતો દાખલો આપી રહી છે.

બીજી ખુબ ગંભીર બાબત એ છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા વીઆઈપીઓ મોટે ભાગે પ્રોટૉકોલ ઓફિસર રાખતા નથી, ત્યારે આ માર્ગદર્શકોને પ્રોટોકોલ ઓફિસરની જવાબદારી પણ નિભાવવી પડે છે તેનુ કોઇ વિશેષ મહેનતાણુ આ માર્ગદર્શકોને આપવામા આવતુ નથી.

આમ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફરજ બજાવતા માર્ગદર્શકોનુ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા અનેક રીતે રીતે શોષણ કરી રહી છે, સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસની વાર્તાઓ કરનારી ભાજપા સરકારને કોંગ્રેસ વનબંધુઓની આ હાલત ઉપર સંવેદનાથી વિચારે અને તમામ માર્ગદર્શકોને ૧૫૦૦૦/- ને બદલે ૨૫૦૦૦/- માસિક પગાર + ૮ કલાકથી વધુ સમયની ફરજનો પગાર + ટ્રાંસપોર્ટેશન મહેનતાણુ + યુનિફોર્મ + મેડીકલ મહેનતાણુ + અને વર્ગ ત્રણને મળતા રજા અને ભથ્થાના તમામ લાભો આપવામા આવે તેવી માર્ગદર્શકોની માંગને કોંગ્રેસ પક્ષ સમર્થન આપે તેવી વિનંતી છે અને રાજ્ય સરકારે માર્ગદર્શકોની સંવેદના સમજીને તેની માંગ સ્વીકારીને સંવેદન સરકારની ઓળખ આપે.

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ
E mail : inc.manharpatel@gmail.com